PEOPLES TRAINING & RESEARCH CENTRE
PTRC
43, Shrinathdham Duplex, Dinesh Mill - Urmi Road, VADODARA - 390 007
Telefax - 0265 - 2345576, Email : ptrcvdr@yahoo.co.in, Website : www.peoplestraining.org.

# વર્ષ 2023-24નો વાર્ષીક અહેવાલ

## સારાંશ:

અહેવાલના સમયગાળા દરમીયાન સીલીકાના સંપર્કમાં આવેલા ૫૦૩ કામદારોને મળી તે પૈકી સીલીકોસીસના ૧૦૩ દર્દીઓને શોધી કઢાયા અને તે પૈકી ૧૨ના મોત થયા. આ દર્દીઓ મોટાભાગે સુરેંદ્રનગર અને મોરબી જીલ્લાના હતા. વર્ષ દરમીયાન અમે રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ સીલીકોસીસને કારણે થયેલા ૧૯ મૃત્યુ અને ૪૭ જીવીત કામદારો માટે બે ફરીયાદ દાખલ કરી. પંચ સમક્ષ અમારી ૧૩ ફરીયાદો નીકાલ માટે પડેલ છે જેમાં ૭૩ મૃત્યુ અને ૧૫૦ જીવીત કામદારોની વીગત આપેલ છે. વર્ષ દરમીયાન સીલીકોસીસને કારણે મૃત્યુ પામેલા ૯ કામદારોના પરીવારોને રૂ.૧/- લાખની સહાય ગુજરાત સરકાર દ્વારા ચુકવવામાં આવી. ગુજરાત સરકારના ગ્રામીણ કામદાર કલ્યાણ બોર્ડ દ્વારા ૨૦૧૫ -૧૬ થી ૨૦૨૧ – ૨૨ દરમીયાન ૧૫૪ પરીવારોને આવી સહાય ચુકવાઇ હોવાની માહીતી વેબસાઇટ પર અપાઇ છે. આ માટેનો યશ અમારા પ્રયાસોને જ જાય છે તેમ કહેવામાં અતીશયોક્તી નથી. જો કે કેટલી અરજીઓ થઇ અને કેટલી અરજીમાં જુદા જુદા સ્તરે સહાય નકારાઇ તેની માહીતી વેબસાઇટ પરથી મળતી નથી. કામદાર રાજ્ય વીમા કાયદા હેઠળ આવરી લેવાયેલા કામદારોને તેમને મળવાપાત્ર લાભો મેળવવામાં મદદ કરવાનું ચાલુ રાખ્યું. સીલીકોસીસના એક દર્દી પાસે ઉપલબ્ધ પાંગળા પુરાવાને આધારે અમે તેમને અપંગતા લાભ મળે તે માટે રજુઆતો કરી અને એક વર્ષ જેટલા સમય પછી અમને તેમાં સફળતા મળી. કારાવી નીગમ દ્વારા નીમાયેલ સ્પેશીયલ મેડીકલ બોર્ડ દ્વારા તેમની બીમારીની તપાસ,અપંગતા કાયમી છે કે હંગામી અને અપંગતા કેટલી છે તેની આકારણી કરવામાં આવી. જો કે તેમને હજુ ચુકવણી કરવામાં આવી નથી. અહેવાલના સમયગાળા દરમીયાન અમે ગુજરાત સરકારના મજુર વીભાગ અને આરોગ્ય વીભાગ અને સંલગ્ન સંસ્થાઓની વારંવાર મુલાકાત લઇ રજુઆતો કરી. આ બધા પ્રયાસોને પરીણામે માર્ચ મહીનામાં ગુજરાત સરકારે એક મહત્તવનો નીર્ણય લીધો જે મુજબ સીલીકોસીસને કારણે મૃત્યુ પામનારના કુટુંબીજનોને અપાતી સહાયમાં રૂ.૧ લાખથી વધારી રૂ. ૪ લાખ કરવામાં આવી છે. અમે જે નેટવર્ક સાથે જોડાયેલ છીએ તેની સાથે કામ કરવાનું ચાલુ રાખ્યું. ગયા મે મહીનામાં એક સીલીકોસીસના દર્દી સાથે અમે એનરોવની દર બે વર્ષે મળતી પરીષદમાં બેંગ્કોક ખાતે હાજરી આપી. કોલકતાની સંસ્થા નાગરીક મંચ દ્વારા

**અમને એમના વાર્ષીક કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે આમંત્રણ આપવામાં આવ્યું. તે પછી ત્યાંના રોકાણ દરમીયાન અમને હાવરામાં શ્રમજીવી પાઠશાલામાં લઇ જવાયા અને ત્યાં પણ અમે સંબોધન કર્યું. ત્રીજા દીવસે ટાકી નામના શહેરમાં આવેલ એક કામદાર સંગઠનમાં શ્રમજીવીઓ સાથે વ્યવસાયીક આરોગ્ય પર ચર્ચા કરી. વર્ષ દરમીયાન અમે સીલીકોસીસ અંગે તેમજ બાંધકામ કામદારોની સલામતી અંગે પોસ્ટર, પત્રીકાઓ અને પુસ્તીકા પ્રગટ કર્યા. સીલીકોસીસના કામ માટે સંસ્થાને હાલ હ્યુમન કેપેબીલીટી ફાઉંડેશનનો ટેકો મળ્યો છે અને બાંધકામ કામદારોની સલામતી અંગે અઝીમ પ્રેમજી ફાઉંડેશનનો ટેકો મળેલ છે. સીલીકોસીસના દર્દીઓને ઓક્સીજન કોંસન્ટ્રેટર, નેબ્યુલાઇઝર કે ટોઇલેટ સીટ જેવા સાધનોની મદદ પહોંચાડવાનું આપણે ચાલુ રાખ્યું છે. સીલીકોસીસને કારણે મૃત્યુ પામેલા કામદારોના કુટુંબોને ગુજરાત સરકાર તરફથી અપાતી આર્થીક સહાય મેળવી આપવામાં અમે મદદ કરીએ છીએ. વર્ષ દરમીયાન જાગુતી અને હીમાયત માટે ઘણા કાર્યક્રમો કર્યા. માધ્યમો તરફથી અમને વર્ષ દરમીયાન ઘણો સહ્કાર મળ્યો જે પ્રકાશીત અહેવાલોની યાદી જોતાં સમજાઇ શકે છે. ભણસાલી ટ્રસ્ટ દ્વારા અમને ૬ ઓક્સીજન કોંસન્ટ્રેટર વીનામુલ્યે મળ્યા તે માટે અમે તેમના આભારી છીએ.**

## વીગતવાર અહેવાલઃ

### સીલીકોસીસના દર્દીઓને શોધવાનું કામઃ

અનેક જુદા જુદા વ્યવસાયના કારીગરો કામને કારણે સીલીકાની રજના સંપર્કમાં આવે છે અને તે કારણે સીલીકોસીસ નામની અસાધ્ય બીમારીનો ભોગ બને છે. ભુતકાળમાં અમે અકીકના પથ્થર ઘસતા કારીગરો અને ગોધરાના ક્વાર્ટઝના કારખાનાના કામદાઅરો સાથે કામ કર્યું અને છેલ્લા ૪ – ૫ વર્ષથી રાજકોટ, સુરેંદ્રનગર અને મોરબીના સીરામીક, મુર્તી ઘડવાનું કામ કરનારા, ફાઉંડ્રી કામદારો અને અન્ય વ્યવસાયના કારીગરો સાથે કામ કરીએ છીએ.

એપ્રીલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ દરમીયાન સીલીકાના સંપર્કમાં આવેલા ૫૦૩ કામદારોને મળી તે પૈકી સીલીકોસીસના ૧૦૩ દર્દીઓને શોધી કઢાયા અને તે પૈકી ૧૨ના મોત થયા. આ દર્દીઓ મોટાભાગે સુરેંદ્રનગર અને મોરબી જીલ્લાના હતા અને સીરામીક, ખાણ કામ, ભઠ્ઠીની ઇંટો બનાવવી વીગેરે વ્યવસાયમાં જોડાયેલા હતા.

મે ૨૦૨૩માં અમે મોરબી ખાતે પ્રોજેક્ટની ઓફીસ ખોલી.

### રાષ્ટ્રીય માનવ અધીકાઅર પંચ સમક્ષ કરેલી ફરીયાદોઃ

અહેવાલના સમયગાળા દરમીયાન અમે જુદી જુદી ત્રણ ફરીયાદો દાખલ કરી. ૩ જાન્યુઆરી, ૨૪ને રોજ અમે સુરેંદ્રનગર જીલ્લામાં સીલીકોસીસને કારણે થયેલા ૧૪ મૃત્યુ અને સીલીકોસીસથી પીડાતા ૨૨ જીવીત

કામદારો માટે ફરીયાદ કરી. મોરબી માટે ૩ જાન્યુઆરીએ ૫ મૃત્યુ અને ૨૫ સીલીકોસીસ દર્દીઓ માટે ફરીયાદ દાખલ કરી અને ખંભાતમાં થયેલા ૮ મૃત્યુ જેમાં અરજદારોને ગુજરાત સરકાર તરફથી રૂ.૧ લાખ તો મળી ગયા હતા પણ પંચ દ્વારા સુચવાયેલા વધારાના રૂ.૩ લાખ મળ્યા ન હતા તેની ફરીયાદ કરી. અગાઉ દાખલ કરેલ ફરીયાદોમાં અમે વર્ષ દરમીયાન અનુકાર્ય કર્યું. હાલ સીલીકોસીસને કારણે થયેલા ૭૩ મૃત્યુ અને સીલીકોસીસથી પીડાતા ૧૫૦ જીવીત કામદારો માટે કરેલી કુલ ૧૩ ફરીયાદો રાષ્ટ્રીય માનવ અધીકાઅર પંચ સમક્ષ નીકાલ માટે પડેલી છે.

- સુરેંદ્રનગર જીલ્લામાં સીલીકોસીસને કારણે થયેલા ૧૪ મૃત્યુ અને સીલીકોસીસથી પીડાતા ૨૨ જીવીત કામદારો માટે ફરીયાદ ૩/૦૧/૨૪ને રોજ દાખલ કરી જેનો નોંધણી નંબર ૩૨/૬/૨૪/૨૦૨૪ છે.
- મોરબી જીલ્લા માટે ૩ જાન્યુઆરીએ ૫ મૃત્યુ અને ૨૫ સીલીકોસીસ દર્દીઓ માટે ફરીયાદ દાખલ કરી જેનો નોંધણી નંબર ૨૪/૬/૩૭/૨૦૨૪ છે.
- તા.૦૪/૦૧/૨૪ને રોજ ખંભાત માટે ફરીયાદ દાખલ કરી.
- તા.૧૨/૧૦/૨૩ને રોજ ફરીયાદ નં. ૬૭૧ અને ૬૪૧માં તેમજ તા.૧૪/૧૦/૨૩ને રોજ ફરીયાદ નં.૭૯૮/૬/૩/૨૨માં જવાબ કર્યો
- તા.૨૩/૧/૨૪ને ઓર્જ ફરીયાદ નં.૬૭૧ અને ફરીયાદ નં.૧૦૧૭ માં જવાબ રજુ કર્યો.

- ફરીયાદ નં.૧૨૧૮/૬/૨૧/૨૦૧૯ના કામે અમે તા.૧૭/૦૪/૨૩ને રોજ જવાબ કર્યો અને તે પછી પંચે તા.૩૦/૦૫/૨૩ને રોજ એવી નોંધ કરી કે, "સીલીકોસીસના દર્દીઓના પુનર્વસન માટેની નીતી ઘડવા પંચ ગુજરાતના મુખ્ય સચીવને સુચીત કરે છે. ગુજરાઅત સરકાર તે બાબ્ત યોગ્ય પગલાં ભરે અને ૮ અઠવાડીયામાં અમલ અંગે અહેવાલ રજુ કરે."
- ફરીયાદ નં.૬૪૧/૬/૩/૨૦૨૦ના કામે પંચે સુરેંદ્રનગરના કલેક્ટરને તા.૨૮/૦૩/૨૪ને રોજ સુચના આપતાં જણાવ્યું કે," પંચે સુચવ્યા મુજબનો વધારોનો/સંપુર્ણ અહેવાલ પંચની વીચારણા માટે મોડામાં મોડા તા.૦૫/૦૫/૨૪ સુધી મોકલી આપવો
- ફરીયાદ નં.૧૦૧૭/૬/૨૪/૨૦૨૨ના કામે પંચે સુરેંદ્રનગરના કલેક્ટરને તા.૨૨/૦૩/૨૪ને રોજ સુચના આપતાં જણાવ્યું કે," પંચે સુચવ્યા મુજબનો વધારોનો/સંપુર્ણ અહેવાલ પંચની વીચારણા માટે મોડામાં મોડા તા.૨૯/૦૪/૨૪ સુધી મોકલી આપવો
- ફરીયાદ નં.૬૪૧/૬/૩/૨૦૨૦ના કામે પંચે સુરેંદ્રનગરના કલેક્ટરને તા.૧૬/૦૧/૨૪ને રોજ સુચના આપતાં જણાવ્યું કે," પંચે સુચવ્યા મુજબનો વધારોનો/સંપુર્ણ અહેવાલ પંચની વીચારણા માટે મોડામાં મોડા તા.૨૩/૦૨/૨૪ સુધી મોકલી આપવો
- ફરીયાદ નં.૭૯૮/૬/૩/૨૦૨૨ના કામે પંચે ગુજરાત રાજ્યના મુખ્ય સચીવને તા.૦૫/૦૨/૨૪ને રોજ સુચના આપતાં જણાવ્યું કે," પંચે સુચવ્યા મુજબનો વધારોનો/સંપુર્ણ અહેવાલ પંચની વીચારણા માટે મોડામાં મોડા તા.૧૪/૦૩/૨૪ સુધી મોકલી આપવો

- ફરીયાદ નં.૪૬૩/૬/૩/૨૦૨૩ના કામે પંચે મોરબીના કલેક્ટરને તા.૧૬/૦૨/૨૪ને રોજ સુચના આપતાં જણાવ્યું કે," પંચે સુચવ્યા મુજબનો વધારોનો/સંપુર્ણ અહેવાલ પંચની વીચારણા માટે મોડામાં મોડા તા.૨૫/૦૩/૨૪ સુધી મોકલી આપવો

**ઇ.એસ. આઇ, કાયદા હેઠળ આવરી લેવાયેલા કામદારો સાથે કામઃ**



સીલીકોસીસથી પીડાતા દીનેશ ભક્તીરામે વઢવાણના કોઇ એકમમાં કામ કરેલ જ્યાં તેમનો ઇ.એસ. આઇનો ફાળો થોડો સમય કપાયો હતો. પણ તેને ઘણા વર્ષ વીતી ગયા હતા અને તેમની પાસે ઇ એસ આઇનું કોઇ ઓળખ કાર્ડ કે બીજા કોઇ દસ્તાવેજ ન હતા. ઘણી તપાસ પછી વીમા દવાખાનાનો એક જુનો કેસ પેપર મળ્યો જે ચુંથાઇ અને ફાટી ગયો હતો.પેન થી લખેલ લખાણ ઝાંખું પડી ગયું હતું. પણ અમે તેમનો વીમા નંબર નોંધી શક્યા અને તેને આધારે તેમની પાસે અપંગતા લાભ માટે દાવો કરાવી શક્યા. તે પછી સતત અનુકાર્ય અને લોક્લ ઓફીસના મેનેજરની ભલમનસાઇ અને સહકારને કારણે અને કંઇક અંશે તે માલીકની પણ ભલમનસાઇને કારણે તેમનો દાવો આગળ વધ્યો અને ઓક્ટોબર મહીનામાં તેમને સ્પેશીયલ મેડીકલ બોર્ડમાં તપાસ માટે અમદાવદ બોલાવાયા. બોર્ડે તેમને તપાસીને સીલીકોસીસ હોવાનું તો પાકું કર્યું છે પણ કેટલી અપંગતા આકારી છે તે જણાવ્યું નથી. હવે નીગમને આ કંપનીના વીસ વર્ષ જુના ફાળાના દસ્તાવેજ મળતા નથી તેથી તેમનો દર નક્કી થઇ શકતો નથી. દર નક્કી થતાં જ તેમને માસીક રકમ મળતી થઇ જશે. ૧૩ માર્ચને દીવસે તેમના પત્નીને લૈ સંસ્થાના કાર્યકર અમદાવાસ સુવીધા સમાગમમાં રજુઆત કરવા ગયા ત્યારે એમને આશ્વાઅસન આપવામાં આવ્યું કે સમાસ્યા જલદી ઉકેલાઇ જશે.

અમને એક વીધવા તરફથી ફરીયાદ મળી કે તેમના પતીનું રોડ અકસ્માતમાં અવસાન થયું છે અને તેમને એ એસ આઇ કોર્પોરેશન તરફથી કોઇ લાભ ચુકવાયો નથી. અમે તેમના બધા દસ્તાવેજ મંગાવ્યા અને વડોદરા ખાતેની સબ રીજીયોનલ ઓફીસમાં ફરીયાદ દાખલ કરી. પાછળથી અમને કહેવામાં આવ્યું કે એ એકમ જ્યાં આવેલું છે તે વીસ્તાર આ કાયદા હેઠળ હજુ આવરી લેવાયેલ નથી તેથી તેમને આ કાયદા હેઠળ લાભ મળવાપાત્ર નથી.



TIMES

BHAVNAGAR CIVIC BODY GUARD KILLED BY THREE IN FULL PUBLIC VIEW

Contributions grow, existing ESIC dispensaries crumble

Faces Shortage Of Staff, Poor Service Quality

THE BASHERS

૨૦૧૯માં કેન્દ્ર સરકારે પ્રગટ કરેલા જાહેરનામા મુજબ વડોદરા જીલ્લો આખો ઇ એસ આઇ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યો. વડોદરાના કરજણ, સાવલી, પાદરા વીગેરે વીસ્તારો હવે આ કાયદા હેઠળ આવી ગયા તેથી તે દીવસથી કામદારોના પગારમાંથી ઇ એસ આઇ નો ફાળો કપાવાનું થઇ જાય. એક જમાનામાં વડોદરા શહેરમાં વીમાના ૧૮ દવાખાનાં હતાં પણ ધીમે ધીમે તે બંધ કરી તે સંખ્યા અડધી થઇ ગઇ અને હવે આ નવા વીસ્તારના હજારો નવા કામદાર આવ્યા. ૫ વર્ષ વીતી ગયા છતાં આ નવા વીસ્તારો માટે દવાખાનાં ખોલવામાં આવ્યા નથી. અમે આર ટી આઇ કાયદા હેઠળ માહીતી માગી અને આવેલ માહીતીનું પૃથક્કરણ કર્યું. ટાઇમ્સ ઓફ ઇંડીયાએ આ બાબતે ૩૧/૦૧/૨૪ના અંકમાં એક અહેવાલ પ્રગટ કર્યો. આ કારણે અધીકારીઓનું ધ્યાન ખેંચાયું અને મને આ બાબત ચર્ચા કરવા નાય્બ નીયામકે આમંત્રણ આપ્યું.

વાઘોડીયાના એક નાના એકમના કામદારને તેને થયેલી ઇજા અને તે કારણે આવેલી અપંગતા સંદર્ભે લાભ મેળવવામાં તકલીફ પડતી હતી. તે અમારી પાસે આવ્યો અને અમે તેને લઇને ૭/૦૮/૨૩ને રોજ નીગમના કાર્યાલયમાં જઇ રજુઆત કરતાં તેનો તાત્કાલીક ઉકેલ આવી ગયો.

## પીડીતોને ટેકો અને સહાયઃ



કેટલાક ખાસ પસંદ કરેલા બહુ થોડા પીડીતો જે પોતે કમાઇ શકતા નથી અને પથારીવશ છે તેમને અમે મહીને રેશન કિટ આપીએ છીએ. અમે એક પીડીતની મુલાકાત લીધી ત્યારે અમે જોયું કે તેમના ઘરમાં ટોઇલેટ બાંધ્યું છે પણ તેને દરવાજો નથી. ટોઇલેટ જાહેર રસ્તાને અડીને. એ વાપરનારને કેટલો ક્ષોભ થતો હશે? તેમાંય મહીલા હોય તો? અમે અમારા એક દાતાને અપીલ કરી અને ખર્ચનો અંદાજ આપતાં તેમણે તરત જ મંજુરી આપી અને અમે બારણું લગાવી શક્યા. આ ઉપરાંત અમે પીડીતોને ઓક્સીજન કોંસ્નટ્રેટર, નેબ્યુલાઇઝર, ટોઇલેટ સીટ વીગેરે સાધનો વાપરવા આપીએ છીએ. એક દર્દીને સુરેંદ્રનગરથી રાજકોટ હોસ્પીટલમાં બતાવવા જવા વાહનની વ્યવસ્થા કરી આપી

## મોરબીમાં સીલીકોસીસ પીડીતો સાથે બેઠકઃ

મોરબીના અમારા કાર્યાલયમાં અમે તા.૨૭/૦૩/૨૪ને રોજ પીડીતો સાથે બેઠકનું આયોજન કર્યું જેમાં ૮ પીડીતોએ હાજરી આપી. બેઠકમાં નીર્ણય લેવામાં આવ્યો કે૭ એપ્રીલના રોજ વીશ્વ આરોગય દીવસ આવે છે તે પ્રસંગે ક્લેક્ટરશ્રીની મુલાકાત લઇ માગણીઓનું આવેદન પત્ર આપવું. વળી, આ પ્રસંગે જાગ્રુતી માટે જાહેર સ્થળે દેખાવોનું પણ આયોજન કરવું. તે પછી ૨૮ એપ્રીલના રોજ આવનાર વીશ્વ કામદાર સ્મ્રુતી દીવસ પણ મનાવવો. આ બેઠકમાં અખબારોમાં સીલીકોસીસને કારણે થયેલા મ્રુત્યુના સમાચાર પ્રગટ થયા બાદ કલેક્ટરશ્રીએ લીધેલા પગલાંની ચર્ચા કરવામાં આવી અને તેની પ્રશંસા કરવામાં આવી.



## અખબારી અહેવાલો અને તેની અસરઃ

અહેવાલના સમયગાળા દરમીયાન અનેક્વાર મીડીયાએ અમારા કામની નોંધ લીધી. ૫ ક્જાન્યુઆરીએ દીવ્ય ભાસ્કરમાં વાચક તંત્રી લેખ વીભાગમાં અમારી રજુઆત પ્રગટ થઇ જે ૨૦૦૯ની કામને સ્થળે સલામતી, આરોગ્ય અને પર્યાવરણની રાષ્ટ્રીય નીતી બાબત હતી જેનો અમલ થઇ નથી રહ્યો. એમાં અમે ભારત સરકારે આઇ એલ ઓનો ઠરાવ નં.૧૫૫ સ્વીકાર્યો ન હોવાની વાત પણ જણાવી હતી.


માર્ચ મહીનામાં મોરબીમાં સીલીકોસીસને કારણે ૩ કામદારોના મોત થયા. અમે એ બાબત પ્રેસનોટ આપી અને સ્થાનીક માધ્યમોએ તેની સારી પ્રસીધ્ધી આપી. તે કારણે જીલ્લા કલેકટરે તેની ગંભીર નોંધ લીધી અને મજુર વીભાગના અધીકારીઓની બેઠક બોલાવી તેમને સુચના આપી. તેમણે ઉધ્યોગોના પ્રતીનીધેઓને પણ બોલાવી બેઠક કરી અને આ સમસ્યાની ચર્ચા કરી. માધ્યમોએ આ ઘટનાઓની પણ નોંધ લીધી. એ પછી મજુર વીભાગના અધીકારીઓએ અમારો સંપર્ક કરી સીલીકોસીસના દર્દીઓની માહીતી માગી. અત્યાર સુધી જેઓ પીડીત કુટુંબો દ્વારા સહાય મેળવવા થતા દાવામાં વીઘ્નો નાખતા હતા તે હવે સહકાર આપવા તૈયાર થયા.

૨૭ માર્ચને દીવસે મોરબીની મારી મુલાકાત દરમીયાન કલેક્ટરશ્રીની રુબરુ મુલાકાત લઇ તેમનો આભાર માન્યો. અમે આ મુલાકાત દરમીયાન તેમનું એ બાબત ધ્યાન દોર્યું કે ઉધ્યોગો કામદારોને જવાબદાર ઠેરવતાં કહે છે કે કામદારો તેમને આપેલા માસ્ક પહેરતા નથી પણ કારખાના કાયદામાં કામના વાતાવરાણમાં જે પ્રદુષણ હોય તેને માપવાની અને નીયંત્રણમાં રાખવાની



જોગવાઇ કરેલ છે તેનું પાલન થવું જોઇએ. કાયદાનો ભંગ કોણ કરે છે અને તે માટે શું પગલાં લેવાય છે તેની કોઇ ચર્ચા કરતું નથી. કામને સ્થળે સીલીકાની ધુળ ઓછી કરવા શું કરવામાં આવે છે તે જણાવવું જોઇએ. અમે આ મુલાકાત દરમીયાન તેમને અમારા પ્રકાશનો ભેટ આપ્યા.

### પ્રકાશનોઃ




કાળમુખો સીલીકોસીસ અમારી લોકપ્રીય પુસ્તીકા છે. તેની નકલો ખલાસ થઇ જતાં અમે તેની પાંચમી આવૃત્તી ઘણી નવી માહીતી ઉમેરી પ્રગટ કરી. નવસારીના શ્રી ગોવીંદ મારુએ આ પુસ્તીકાની “ઇ-બુક” પ્રગટ કરી. આ ઇ-બુક આ લીંક પર વાંચી શકાશે.

Chrome-extension://efaidnbmnnnibpcajpcglclefindmkaj/https: //govindmaru. com/wp-content /uploads/2023 /06/ ebook_69_ jagdish_patel_ kaalmukho_ silicosis_ 2023-06-12_.pdf

અમે બાંધકામ મજુરોના પ્રોજેકટ માટે ત્રણ જુદી પત્રીકાઓ પ્રગટ કરી.

આ ઉપરાંત અમે ૨૮ એપ્રીલ, ૨૦૨૩ વીશ્વ કામદાર સ્મુતી દીવસ મોરબીમાં મનાવ્યો અને તે પ્રસંગે પત્રીકા પ્રગટ કરી. સીલીકોસીસ અંગે હીંદીમાં એક બ્રોશર પ્રગટ કર્યું, સ્થળાંતરીત કામદારો માટે હીંદીમાં એક પત્રીકા પ્રગટ કરી. સીલીકોસીસ માટે એક પોસ્ટર જુદી જુદી સાઇઝમાં પ્રગટ કરી તેનો બહોળો ઉપયોગ કર્યો.




*બાંધકામ કામદારોનું સાહીત્ય*




*સીલીકોસીસનું સાહીત્ય*

### મુલાકાતો અને નેટવર્કીંગઃ



આ સમયગાળા દરમીયાન અમે અનેક ઓનલાઇન બેઠકોમાં હાજરી આપી જે પૈકી એક જન સ્વાસ્થ્ય અભીયાન દ્વાર ૨૦ જાન્યુઆરીએ આયોજીત કરવામાં આવી. આ બેઠકમાં અમે એ વાત પર ભાર મુક્યો કે આરોગ્ય અધીકારો પર કામ કરતી સંસ્થાઓએ ભેગા મળીને કામ કરવાની જરૂર છે જેથી વ્યવસાયીક રોગોના દર્દીઓની ઓળખ થઇ શકે, અમે એ બાબતે પણ સૌનું ધ્યાન ખેંચ્યું કે ભારતના ઘણા રાજ્યોમાં વ્યવસાયીક આરોગ્ય અધેકાઅરો પર કામ કરતી હોય તેવી એક પણ સંસ્થા નથી. આપણે એવા રાજ્યોમાં સંસ્થાઓને આ કામ કરવા પ્રોત્સાહીત કરવી જોઇએ.

શ્રીધર રામમુર્તી (અગ્રણી પર્યાવરણવાદી અને વ્યવસાયિક આરોગ્ય કાર્યકર્તા, ENVIRONICS ટ્રસ્ટના સ્થાપક)ના મૃત્યુ બાદ ANROEV દ્વારા 4 જાન્યુઆરીએ એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અમે હાજરી આપી હતી.

MLPC દ્વારા સિલિકોસિસના કોમ્પ્યુટર સહાયિત AI આધારિત સીલીકોસીસના નિદાન પર સંશોધન પ્રોજેક્ટ પર 5 જાન્યુઆરીના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમે 2 ફેબ્રુઆરીએ બીજી ANROEV મીટિંગમાં હાજરી આપી હતી.

27 જાન્યુઆરીએ અમે અમદાવાદ ખાતે માનવ અધિકાર પરિષદમાં હાજરી આપી અને ગુજરાતમાં વ્યવસાયિક સ્વાસ્થ્ય સમસ્યાઓ પર વાત કરી.

1 થી 6 માર્ચ સુધી, અમે કોલંબોમાં ANROEV દક્ષિણ એશિયા વ્યૂહાત્મક બેઠકમાં હાજરી આપી હતી. અમે ABAN તેમજ ANROEV મીટિંગમાં હાજરી આપી હતી. મેં વ્યવસાયિક સ્વાસ્થ્ય પરના ત્રીજા સત્રનું સંચાલન કર્યું અને જ્યાંથી બેંગકોક કોન્ફરન્સ સમાપ્ત થઈ ત્યાંથી શરૂઆત કરી. કોન્ફરન્સમાં અમે સભ્યોને એક પ્રશ્નાવલી મોકલી હતી અને પ્રશ્નાવલીના જવાબોના આધારે અમે ચર્ચા કરી હતી કે સભ્યો કેવી રીતે ફેફસાના રોગો પર કામ કરવાનું શરૂ કરી શકે છે.

## રાજસ્થાનમાં ચાલતા સીલીકોસીસ પ્રોજેકટની મુલાકાતઃ




22 માર્ચે PTRCની ટીમે GSVS સંસ્થાની વિનિમય મુલાકાત માટે રાજસ્થાનના બ્યાવરની મુલાકાત લીધી હતી. GDVS સિલિકોસિસ પીડિતોને સહાય, કામદારોને સંગઠીત કરવા, આજીવિકા કાર્યક્રમો, સ્થળાંતરિત મહિલા કામદારોના બાળકો માટે ડે કેર સેન્ટર વગેરે સહિત અનેક મુદ્દાઓ પર કામ કરે છે. અમે ડે કેર સેન્ટરની મુલાકાત લીધી અને જે મહીલા કામદારો તેમના બાળકોને કેન્દ્રમાં મોકલે છે તે મહિલા કામદારો સાથે વાત કરી. ત્યારપછી અમે સ્ટોન ક્રશિંગ ફેક્ટરીઓની મુલાકાત લીધી જે અત્યંત ધૂળ ભરેલી હોય છે. અમે મહિલા કામદારોના ટ્રેડ યુનિયનના પદાધિકારીઓ અને સભ્યો સાથેની બેઠકમાં હાજરી આપી, એમની સાથે એમની સમસ્યાઓ, સંઘર્ષો અને સફળતાઓની ચર્ચા કરી અને કેટલાક મહત્વના સુચન કર્યા. અમે સિલિકોસિસના કેટલાક દર્દીઓની મુલાકાત પણ લીધી. ત્યારબાદ અમે શેમ્પૂ, સાબુ અને અન્ય ટોયલેટરી વસ્તુઓના ઉત્પાદનમાં રોકાયેલી મહિલાઓ સાથે મીટિંગમાં હાજરી આપી અને તે પૈકી કેટલીક ચીજો ખરીદી.

## એસ્બેસ્ટોસ:

23 એપ્રિલને દીવસે અમે કેંદ્ર સરકારના રાસાયણ અને ખાતર મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, પર્યાવરણ અને વન મંત્રાલય સમક્ષ રજૂઆત કરી રોટરડેમ કન્વેન્શનની અનુસૂચિમાં ક્રાયસોટાઈલ એસ્બેસ્ટોસના સમાવેશને સમર્થન આપવા વિનંતી કરી.

**હિમાયત:**

અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ સમક્ષ સીલીકોસીસને કારણે મૃત્યુ પામેલા કામદારોના પરિવારો દ્વારા કરાયેલા દાવાઓનું અનુસરણ કરવા એપ્રિલ 23 માં મુલાકાત લીધી.

આ ઉપરાંત અમે તે દીવસે શ્રમ સચિવની ઑફિસની મુલાકાત લીધી અને NHRCની ભલામણ મુજબ સિલિકોસિસના દર્દીઓ માટે પુનર્વસન નીતિ ઘડવા માટે તેમજ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હેઠળની PIL 110/2006 માં 2017ના કોર્ટના આદેશનું પાલન કરી મૃતકોના કુટુંબોને રૂ.3 લાખ ચૂકવવા માટે નાયબ સચીવ સમક્ષ રજૂઆત કરી.

21 એપ્રિલના રોજ સિલિકોસિસના દર્દીઓની વિવિધ માંગણીઓ માટે આરોગ્ય મંત્રાલય, ગુજરાત સરકારને રજૂઆત મોકલી.

21 ઓગસ્ટના રોજ નાયબ નિયામક, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકારની મુલાકાત લીધી, અને તેમને આવેદનપત્ર સુપરત કર્યું. અમે એ જ મંત્રાલયમાં ટીબી વિભાગની પણ મુલાકાત લીધી હતી અને ટીબીનું ખોટું નિદાન કેવી રીતે અટકાવી શકાય તેની રજુઆત કરી. સિલિકોસિસના દર્દીઓ માટે પુનર્વસન નીતિ ઘડવાની રજુઆત કરવા અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડના સભ્ય સચિવ અને શ્રમ અને રોજગારના મુખ્ય સચિવની પણ મુલાકાત લીધી.

સિલિકોસિસના દર્દીઓ માટે પુનર્વસન નીતિનો મુસદ્દો તૈયાર કર્યો અને સભ્ય સચિવ, અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ, ગુજરાત સાથે વિચારણા માટે શેર કર્યો.

**અસર:**

આખરે ગુજરાત સરકારે 11 માર્ચ 23ના રોજ સીલીકોસીસને કારણે મૃત્યુ પામેલા કામદારોના પરિવારોને અપાતી નાણાકીય સહાયની રકમ રૂ.૧ લાખથી વધારીને રૂ.4 લાખ કરવાનો ઠરાવ કર્યો. આ અમારી સૌથી મોટી સિદ્ધિ છે.

**આયોજન:**

28 એપ્રિલે અમે મોરબી ખાતે આંતરરાષ્ટ્રીય કામદાર સ્મ્રુતીદિવસ ઉજવ્યો. જેમાં સિલિકોસિસના દર્દીઓ અને વિધવાઓ અને મૃતક કામદારોના પરિવારના અન્ય સભ્યોએ હાજરી આપી હતી.



- 25 મેના રોજ મોરબી ખાતે સિલિકોસિસ પીડિતો સાથે મુલાકાત

- 6 જુલાઈના રોજ રાજકોટના કામદારોના વકીલ અને મોરબીના સિલિકોસીસ પીડિતો સાથે મુલાકાત

- 27 જુલાઈએ અમદાવાદમાં મોટેરામાં બાંધકામ કામદારો સાથે બેઠક

- 28 જુલાઈના રોજ ઉમા કોલોની ખાતે અમદાવાદમાં બાંધકામ કામદારો સાથે બેઠક

- 16 ઓગસ્ટે ધ્રાંગધ્રા ખાતે સિલિકોસિસ પીડિતો સાથે મુલાકાત.

- 4 સપ્ટેમ્બરે અમદાવાદ ખાતે પ્રગતિની સમીક્ષા કરવા પ્રોજેક્ટ સ્ટાફ અને PRAYAS પ્રતિનિધિ સાથે બેઠક.

- અમદાવાદ ખાતે APF પ્રોજેક્ટ હેઠળ બાંધકામ કામદારો માટે 7 ઓક્ટોબરે તાલીમ.

- 27 ઓક્ટોબરે વ્યવસાયિક રોગો અંગે બાંધકામ કામદારો સાથે ગાંધીનગરમાં બેઠક.

- APF પ્રોજેક્ટ માટે અમદાવાદ ખાતે 16 નવેમ્બરે પ્રોજેક્ટ સમીક્ષા બેઠક.

- APF પ્રોજેક્ટ માટે અમદાવાદ ખાતે 1 ડિસેમ્બરે પ્રોજેક્ટ સમીક્ષા બેઠક

- 3 ડિસેમ્બરે સુરેન્દ્રનગર ખાતે નવા સ્ટાફ માટે ઇન્ડક્શન તાલીમનું આયોજન કર્યું.

**વ્યાખ્યાન અને પ્રસ્તુતિ:**



- 8 સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે આજિવિકા બ્યુરોના ફેલો માટેની તાલીમમાં.

· 22 સપ્ટેમ્બરે કોલકાતામાં નાગરિક મંચની વાર્ષિક બેઠકમાં

· 23 સપ્ટેમ્બરે શ્રમજીબી પાઠશાળા, હાવરા, પશ્ચિમ બંગાળમાં જ્યાં તેઓ વ્યવસાયિક રોગો માટે OPD ખોલવાની તૈયારી કરી રહ્યા છે.

- 24 સપ્ટેમ્બરના રોજ નાગરિક મંચના પદાધિકારીઓ સાથે તાકી, પ. બંગાળમાં યુનિયન ઑફિસમાં.
- રિસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ, શિકાગો દ્વારા આયોજિત સિલિકોસિસ પર આફ્રિકન કારીગરો માટે ઓનલાઇન લેક્ચર- પ્રેઝન્ટેશન.
- 1 ઓક્ટોબરના રોજ કપડવંજ ખાતે પ્રયાસ ટીમ સમક્ષ
- 16 ઑક્ટોબરે, બેંગ્લોરમાં CIVIDEP મીટિંગમાં પ્રેઝન્ટેશન આપ્યું
- 16 ડિસેમ્બરે NAPM મીટિંગ, અમદાવાદમાં પ્રવચન આપ્યું.

હાજરી આપી:

- ANROEV દ્વિવાર્ષિક કોન્ફરન્સ બેંગકોક ખાતે સિલિકોસીસ પીડિત સાથે 6 થી 10 મે, 2023 દરમિયાન. કોન્ફરન્સમાં અમે બે મીટીંગો હાથ ધરી - એક વ્યવસાયજન્ય ફેફસાના રોગો પર અને બીજી અકસ્માતો પર.

- નાગરિક મંચ, કોલકાતાના હોદ્દેદારો અને કાર્યકરો સાથે 11 મેના રોજ કોલકાતામાં તેમની ઓફિસમાં બેઠક

- 16 મેના રોજ વિશાખાપટ્ટનમ ખાતે ઔદ્યોગિક અકસ્માતો પર સેમિનાર

- 1 જુલાઈના રોજ અમદાવાદ ખાતે પ્રયાસ સ્ટાફની મીટીંગમાં, તેમને નવા પ્રોજેક્ટનો પરિચય આપવા માટે અને જરુરી સહકાર આપવાની અપીલ કરવા

- 2 ઓગસ્ટના રોજ અમદાવાદ ખાતે પ્રયાસની બેઠક.

મુલાકાત લીધી:

- 24 મેના રોજ મોરબી, વાંકાનેર, પંચાસિયા સ્ટેકહોલ્ડરને મળીને પ્રોજેકટને સમર્થન આપવા અપીલ કરી.

- 5 જુલાઈના રોજ થાનમાં ફિલ્ડ ઓફિસર શ્રી નવીનભાઈ રામાનુજ સાથે સિલિકોસિસના દર્દીઓની મુલાકાત લીધી

- 6 જુલાઈના રોજ રાજકોટ સિલિકોસીસ પીડિતોની મુલાકાત લીધી. સ્વ.ભરત બેલાડીયા, સ્વ.રમેશ રૂડકીયા અને સંજય ચીખલીયાના પરિવારજનોની મુલાકાત લીધી

- 7 જુલાઇએ મોરબીમાં સિલિકોસીસ પીડિતો

- 10 જુલાઇના રોજ ખંભાતમાં સિલિકોસીસ પીડિતો.

- 13 જુલાઈના રોજ અમદાવાદમાં ડૉ.નિતેશ શાહની.

- 5 ઓગસ્ટના રોજ બુલેટ ટ્રેનના નિર્માણ સ્થળે કરજણ નજીક અકસ્માત થયો હતો તે અકસ્માત સ્થળની મુલાકાત નિષ્ણાત સાથે.

- 16 ઓગસ્ટના રોજ સિલિકોસિસ પીડિત દિનેશ ભક્તિરામની તેમના સુરેન્દ્રનગરના ઘરે. વઢવાણમાં સ્ટોન સ્કલ્પચર યુનિટ અને વઢવાણમાં સિલિકોસિસના એક શંકાસ્પદ દર્દીની પણ મુલાકાત લીધી.

- 30 ઓગસ્ટના રોજ વાંકાનેરમાં સિલિકોસિસના દર્દીઓની મુલાકાત લીધી.

- 17 ઓક્ટોબરે બેંગ્લોરમાં અઝીમ પ્રેમજી યુનિવર્સિટીની મુલાકાત લીધી અને ત્યાંના અધ્યાપકો શ્રી હિમાંશુ ઉપાધ્યાય અને શ્રી આદિત્ય સાથે મુલાકાત કરી.

**નવો પ્રોજેક્ટ:**

પ્રયાસ સેન્ટર ફોર લેબર એકશન એન્ડ રિસર્ચના સહયોગથી અમે અમદાવાદમાં બાંધકામ કામદારો સાથે કામ કરવા માટે એક નવો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. પ્રોજેક્ટને અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન દ્વારા ટેકો આપવામાં આવે છે. અમે જૂનમાં પ્રોજેક્ટ માટે જરૂરી સ્ટાફની નિમણૂક કરી હતી.

**મહેમાનો:**

હ્મન કેપેબીલીટી ફાઉન્ડેશનના પ્રતિનિધિ સુશ્રી સુમેધા શર્માએ અમારા સિલિકોસિસ પ્રોજેક્ટની મુલાકાત લીધી. તેણીએ સ્ટાફ મીટીંગમાં હાજરી આપી હતી જ્યાં તેણીને મોરબીમાં થયેલ કામગીરી અંગે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. તેણીએ 29 સપ્ટેમ્બરના રોજ આયોજિત પીડિતોની બેઠકમાં હાજરી આપી હતી જેમાં થાન અને મોરબીના પીડિતોએ હાજરી આપી હતી. બાદમાં તેણીએ સિલિકોસિસના પથારીવશ દર્દીઓની તેમના ઘરે મુલાકાત લીધી. 30મી સપ્ટેમ્બરે તેણીએ ધ્રાંગધ્રામાં પત્થર ઘડીને મુર્તીનું કામ કરતા એકમો, સ્ટોન પાર્ક તાલીમ કેન્દ્ર અને સિલિકોસીસના દર્દીઓની મુલાકાત લીધી.

**પડકારો:**

અમે વિવિધ દીશાઓ અને હિતધારકો તરફથી અનેક પડકારોનો સામનો કર્યો.

અમારો મુખ્ય પડકાર માનવસંસાધનનો રહ્યો. પ્રોજેક્ટ બીજા વર્ષમાં છે અને બે વર્ષમાં અમને રાજકોટમાં કામ કરવા માટે કોઈ સ્થિર ફિલ્ડ ઓફિસર મળ્યા નથી. અમે રાજકોટથી પ્રસિદ્ધ થયેલા બે જુદા જુદા અખબારોમાં બે વાર જાહેરાત આપી. અમે સોશિયલ મીડિયા દ્વારા સંદેશ ફેલાવ્યો અને અમે અમારા સંપર્કમાં સમાજકાર્ય કોલેજો અને સામાજિક સંસ્થાઓ, કાર્યકરો અને મીત્રોને વિનંતી કરી. અમે ઘણી વખત ઇન્ટરવ્યુ લીધા અને દર વખતે અમે ઉમેદવારને પસંદ કરીએ અને પછી કાં તો એ જોડાશે નહીં અથવા જોડાશે અને જલ્દીથી નીકળી જશે. થાનગઢ અને વાંકાનેરમાં અમે ફિલ્ડ ઓફિસરોની નિમણૂક કરવા માગતા હતા પરંતુ અમે સફળ થયા નહી. અમે સિલિકાના સંપર્કમાં આવેલા કામદારોના પરિવારો સાથે કામ કરવા માટે મહિલા આરોગ્ય કાર્યકરની નિમણૂક કરવા માગતા હતા. એકવાર અમે ચાર ઉમેદવારો પસંદ કર્યા - બે પુરૂષ ઉમેદવારો, એક રાજકોટ માટે, અને અન્ય વાંકાનેર માટે અને બે મહિલા ઉમેદવારો - બંને થન માટે એક નિયમિત ફીલ્ડના કામ માટે અને બીજા પરિવારો સાથે કામ કરવા માટે, તેમને

બચાને માટે અમે સુરેંદ્રનગરમાં એક દીવસની તાલીમ ગોઠવી પરંતુ તે બધાએ પછીથી જોડાવાની ના પાડી.

સીલીકાના સંપર્કમાં આવતા કામદારો, સીલીકોસીસ દર્દીઓ અને સિલીકોસીસના શંકાસ્પદ કેસો તરફથી અમે અન્ય પડકારનો સામનો કરીએ છીએ. તેઓ અમને ઓળખતા નથી અને તેથી શરૂઆતમાં તેઓ જવાબ આપતા નથી. જ્યારે અમે તેમને સમજાવીએ છીએ, ત્યારે તેઓ દવાઓ વગેરે માટેના ખર્ચની અપેક્ષા રાખે છે, પરંતુ જ્યારે તેમને ખબર પડે છે કે અમે કોઈ પરોપકારી સંસ્થા નથી ત્યારે તેઓ નિરાશ થઈ જાય છે. કેટલીકવાર તેઓ તેમના તબીબી કાગળો બતાવવાનો ઇંકાર કરે છે.

કેટલાક કિસ્સાઓમાં કામદાઅરો અમારા પર શંકા કરે છે. કેટલાક દર્દીઓ વળતરનો દાવો કરવા માટે તેમના માલીકનો સંપર્ક કરે છે, ત્યારે માલીક તેમને થોડી રકમ ઓફર કરે છે અને તેમને કહે છે કે જો તમે આ રકમ સ્વીકારશો નહીં, તો સંસ્થા તમારા વતી દાવો પતાવશે, તમારા પૈસા સંશ્થા પોતાના ખિસ્સામાં મૂકશે અને તમને ડીંગો બતાવશે. આવી વાત પોતાના માલીક પાસે સાંભળી દર્દી આપણી સામે શંકાની નજરે જોવા લાગે છે.

જ્યારે અમે શંકાસ્પદ કેસો માટે સિવિલ હોસ્પિટલની મુલાકાત લેવા માટે ટ્રીપનું આયોજન કરીએ છીએ, ત્યારે અમે 7/8 દર્દીઓને અમારી સાથે જોડાવા માટે સમજાવીએ છીએ, તેઓ તે માટે સંમત થાય અને હા પાડે, અમે વાહનની વ્યવસ્થા કરીએ, પરંતુ પ્રવાસના દિવસે માત્ર થોડા જ લોકો આવે.

હૉસ્પિટલમાં કેટલીકવાર ડૉક્ટરો દર્દીને પરીક્ષણો અને નિરીક્ષણ માટે હોસ્પીટલમાં એક દીવસ દાખલ થવા માટે કહેતા હોય છે, પણ કામદાર ગભરાઇ જાય અને દાખલ થવાની તૈયારી સાથે આવ્યા ન હોય એટલે દાખલ થવાની ના પાડી દે અને આમ તેમનું નિદાન કરાવવાના અમારા બધા પ્રયત્નો વ્યર્થ જાય.

પીડિતોને સંગઠીત કરવા એ અમારો મહત્વનો કાર્યક્રમ છે. પરંતુ તે ખૂબ જ મુશ્કેલ કાર્ય છે. દર્દીઓ ખૂબ નિરાશ હોય છે, વ્યવ્સથા પર ભરોસો ગુમાવી દીધો હોય ત્યારે આ વ્યવસ્થા સામે રજુઆતો કરવાથી કંઇ હાંસલ થાય તેમાં તેમને વીશ્વાસ હોતો નથી. અને આ મનોદશામાં તેમને સંગઠિત કરવાનું કામ મુશ્કેલ છે. જેમની તબિયત નબળી હોય તેઓને મીટીંગના સ્થળે પહોંચવામાં મુશ્કેલી પડતી હોય છે. દુર ગામડે રહેતા હોય અથવા શહેરમાં પણ દુરના વીસ્તારમાં રહેતા હોય તેમને આવજા માટે સાધન મુશ્કેલીથી મળે અને કમાતા ન હોય ત્યારે તે માટે ખર્ચ કરવાનું પણ એમને પોસાતું નથી.

સરકારી સ્તરે સ્થાનિક શ્રમ કમિશનર કચેરી મામૂલી આધાર પર નાણાકીય સહાય માટેના દાવાને ફગાવી દેશે. મીટિંગ માટેની અમારી વિનંતીનો જવાબ આપવામાં આવશે નહીં. જ્યારે આપણે મીટિંગ કરીએ છીએ અને કેટલાક ફેરફાર માટે વિચારીએ છીએ ત્યારે પણ લાંબા સમય સુધી કંઈપણ હલતું નથી

સરકારી સ્તરે સ્થાનિક શ્રમ કમિશનર કચેરી મામૂલી કારણોસર નાણાકીય સહાય માટેના દાવાને ફગાવી દ્દેતા હોય છે. ગાંધીનગરમાં સરકારી અધીકારીઓને મુલાકાત આપવા માટેની અમારી વિનંતીનો જવાબ જ એ

લોકો આપતા નથી. લેખીત રજુઆતના પણ જવાબ આપતા નથી. એપોઇંટમેંટ વગર અમે મળવા જઇએ અને ચર્ચા કરીએ ત્યારે અધીકારી કેટલાક ફેરફાર માટે સંમત થાય પણ પછી લાંબા સમય સુધી કંઈપણ હલે નહી.

અમે ઇચ્છીએ છીએ કે પીડિતો કર્મચારી વળતર ધારો અથવા કામદર રાજ્ય વીમા કાયદા હેઠળ વળતર માટેના તેમના અધિકારો મેળાવવા કોર્ટમાં જાય. પરંતુ મોટાભાગના, જેમને કામદર રાજ્ય વીમા કાયદા હેઠળ આવરી લેવા જોઈએ તેમને આવરી લેવામાં આવતા નથી. આવા કિસ્સામાં એકમાત્ર વિકલ્પ કર્મચારી વળતર ધારા હેઠળ દાવો દાખલ કરવાનો છે પરંતુ દર્દીઓ પાસે તેમના રોજગારના કોઈ પુરાવા ન હોવાને કારણે દાવા કરવા મુશ્કેલ બને છે, નોકરીદાતાઓ તેમને ફેક્ટરી એક્ટ હેઠળ ફરજિયાત ઓળખકાર્ડ આપતા નથી, ન તો તેઓ વેતન ચૂકવણી અધિનિયમ હેઠળ ફરજિયાત આપવી જોઇતી પગાર પાવતી આપશે. અને તેઓએ બેંકમાં વેતન ચૂકવવાની તેમની પોતાની રીતે ડિઝાઇન કરી છે. ઘણા કામદારો કાં તો અલિખિત કરાર દ્વારા અને કોઈ માન્ય ઠેકેદારની ગેરહાજરીમાં કામ કરતા હોય છે. ઘણા કિસ્સાઓમાં કામદારોને જાતે જ ઉત્પાદન માટે કોન્ટ્રાક્ટ આપવામાં લે છે જ્યાં તેઓને નંગદીઠ વેતન ચૂકવવામાં આવે છે. આ બધાને કારણે કોર્ટમાં જવું મુશ્કેલ બને છે.

અમારી પાસે એક માત્ર રસ્તો બચે છે તે રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ ફરીયાદ કરવાનો. પંચ સમક્ષ ફરીયાદ કરવાનું તો સહેલું છે પણ સરકાર દ્વારા જવાબ આપવામાં જાણીજોઇને અતી વીલં કરવામાં આવે છે તે કારણે ફરીયાદનો નીકાલ થવામાં દ્સ દસ વર્ષ નીકળી જાય છે. વળી, પંચ દ્વારા નીકાલ થાય અને ભલામણો આપવામાં આવે ત્યારે તે ભલામણોનો અમલ કરવામાં પણ સરકાર બેહદ વીલંબ કરે છે અથવા કરતી જ નથી.


**પ્રશંસા**:

જ્યારે અમે ઓક્સિજન કોન્સેન્ટ્રેટર અથવા નેબ્યુલાઇઝર અથવા ટોઇલેટ સીટ ધરાવતા દર્દીને મદદ કરીએ છીએ, ત્યારે તેઓ અમારી ખૂબ પ્રશંસા કરે છે. અમે એક દર્દીને ઓક્સિજન કોન્સેન્ટ્રેટર આપ્યું હતું અને અમે તેને ડિસેબિલિટી બેનિફિટ માટે તેના પેન્ડિંગ દાવા માટે કામદાર રાજ્ય વીમા નીગમ સમક્ષ ્માહીતી અધીકાર કાયદા હેઠળ અરજી કરવામાં પણ મદદ કરી હતી. તેમણે ખૂબ જ પ્રશંસા કરી હતી.

અમે મૃતક કામદારોના પરિવારના સભ્યોને નાણાકીય સહાય માટે દાવો દાખલ કરવામાં મદદ કરીએ છીએ અને જરૂરી દસ્તાવેજો જોડીએ છીએ. ત્યારબાદ અમે શ્રમ વિભાગમાં ફાઇલ સબમિટ કરવા માટે પરિવારના સભ્યો સાથે જઈએ છીએ. શ્રમ વિભાગના અધિકારી અમારા કામની ખૂબ પ્રશંસા કરે છે અને કહે છે કે તમે આ કામ દ્વારા પુણ્ય કમાઈ રહ્યા છો. મોરબીમાં જિલ્લા ક્ષય અધિકારી પણ ખૂબ મદદરૂપ અને પ્રશંસાપાત્ર છે.

કેટલાક પીડિતો ખુશ હતા કે અમે તેમને અંત્યોદય કાર્ડ મેળવવા માટે સખત પ્રયાસ કરી રહ્યા છીએ જે તેમને જાહેર વીતરણ વ્યવસ્થામાંથી રાશનનો વધુ જથ્થો મેળવી શકે. કેટલાકે અરજી કરવાની અંતિમ તારીખ વટાવી હોવા છતાં તેમને નાણાકીય સહાય મેળવવાના અમારા પ્રયાસોની પ્રશંસા કરી.

## માધ્યમોમાં પીટીઆરસીઃ

| અનુ ક્રમ | માધ્યમ | અહેવાલનું મથાળું | તારીખ | નોંધ/લીંક |
|---|---|---|---|---|
| 1 | ડેઇલી હંટ | સુ રેન્દ્રનગર, આણંદના કલે કટરને મા નવા ધિ કા ર આયો ગનું તે ડું | 22/08/23 |  |
| 2 | ઇંડીયન એક્સપ્રેસ | No report on aid for kin, NHRC summons2 district collectors | 9/08/23 |  |

સુરેન્દ્રનગર, આણંદના કલેક્ટરને માનવાધિકાર આયોગનું તેડું

WWW.INDIANEXPRESS.COM
THE INDIAN EXPRESS, SATURDAY, AUGUST 19, 2023

SILICOSIS DEATHS

# No report on aid for kin, NHRC summons 2 district collectors

EXPRESS NEWS SERVICE
RAJKOT, AUGUST 18

THE NATIONAL HUMAN Rights Commission (NHRC) has served conditional summons to the district collectors of Surendranagar and Anand, directing them to remain present before the commission next month if they fail to submit reports in connection with two cases of silicosis deaths in the districts.

While hearing a case on Monday, seeking compensation for the next of kin of Rameshbhai Dabhi after Dabhi's death due to silicosis, the NHRC took serious note of the fact that the Surendranagar collector had not submitted the report despite being reminded five times since September 2021. The latest reminder was issued on June 1 seeking a report on the compensation within four weeks.

The NHRC said it was compelled to take coercive action of summoning the collector due to repeated failures of submitting reports.

"Taking a serious view of the fact that the case is of year 2020 and authorities are taking a casual approach while giving response to the direction of the Commission, Registry, is directed to issue summons to the District Collector, Surendra Nagar, Gujarat u/s 13 of the Protection of Human Rights Act, 1993 for appearance before the Commission on 25.9.2023 at 11A.M... along with requisite report in the matter," the NHRC ruled while hearing the case on Monday.

The case was filed by Jagdish Patel, Director of Peoples Training and Research Centre (PTRC), a Vadodara-based NGO, working for safe and healthy working environments in factories. In his complaint, Patel stated Dabhi developed silicosis while working in ceramic factories in Thangadh and died due to the incurable disease in September 2019 but his wife has not been paid any compensation by the state government despite a Supreme Court order directing governments to pay compensation to the next-of-kin of victims.

If a report is submitted before September 18, the NHRC said, he would not be required to be present in person.

Silicosis is a disease affecting the respiratory system, especially the lungs. The disease is caused primarily by the accumulation of fine silica particles in the lungs.

The NHRC issued a similar summons to the district collector of Anand on Wednesday after the collector failed to submit his report on two occasions, giving the status of compensation paid to Akbarbhai Malek, an agate worker of Khambhat. The NHRC has directed the Anand collector to remain present on September 29 if he does not submit the report by September 22.

The NHRC has also directed the Surendranagar collector to submit his reports on or before September 16 about the status of compensation in two other cases seeking compensation to the next of kin of 21 silicosis victims.

Talking to *The Indian Express*, Surendranagar collector Keyur Sampat said that his office will file the required reports to the NHRC before the next date of hearing.

"It is true that we are yet to submit these reports. However, a lot of work has already been done in this respect and I have called a meeting on August 25 in this connection," the collector said.

Milind Bapna is the in-charge collector in Anand after DS Gadhvi was recently suspended over alleged misconduct.

| | | | | |
|---|---|---|---|---|
| 3 | ટાઇમ્સ ઓફ ઇંડીયા | Contributions grow, existing ESIC dispensaries crumble | 31/04/24 |  |
| 3 | મોરબીન્યુઝ.ઇન | સીલીકોસીસ રોગના નીર્મુલન અંગે જાગ્રુતીલક્ષી સેમીનાર યોજાયો | 08/04/23 | https://morbinews.in/an-awareness-seminar-on-eradiacation-of-silicosis-was-held  |
| 4 | મોરબી ટુડે | મોરબી ખાતે સીરમીક ઉધ્યોગને ધ્યાને રાખીને સીલીકોસીસ નીયંત્રણ કાર્યક્રમ કેમ નહી? | 10/04/23 | https://morbitoday.com/news/558861570  |
| 5 | બનાસ ગૌરવ | | 08/04/23 |  |
| 6 | બનાસ ગૌરવ | | 12/04/24 |  |

| | | | | |
|---|---|---|---|---|
| 7 | વાત્સલ્યમ સમાચાર | | 01/4/24 | <br>**સીલીકોસીસ પર કામ કરતી સંસ્થાએ મોરબી કલેક્ટર સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત કરી, વધુ એકનો ભોગ લીધો**<br>૧/૪/૨૪<br>વાત્સલ્યમ્ સમાચાર<br>ધવલ ત્રિવેદી-મોરબી<br>સીલીકોસીસ પર કામ કરતી સંસ્થાએ મોરબી કલેક્ટર સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત કરી, સીલીકોસીસએ વધુ એક સીરામીક કામદારનો ભોગ લીધો. પીપલ્સ ટ્રેનિંગ એન્ડ રીસર્ચ સેન્ટર ( PTRC ) વ્યવસાયીક આરોગ્ય પર કામ કરતી સ્વૈચ્છીક સંસ્થા છે. મોરબી, સુરેન્દ્રનગર અને રાજકોટ ખાતે જીવલેણ રોગ સીલીકોસીસ વિષે જાગૃતી અને |
| 8 | સંદેશ | | 13/03/24 | <br>આરોગ્ય અધિકારી, ઔદ્યોગિક સલામતિ વિભાગ ગંભીર રોગ વિશે અજાણ<br>**સિલિકોસિસ બિમારી અંગે મોરબી જિલ્લા કલેકટરે તપાસનો આદેશ કરી તમામ વિભાગોને દોડતા કર્યા** |
| 9 | સંદેશ | | 12/03/24 | <br>સંદેશ - ૧૨/૦૩/૨૦૨૪<br>તબીબી વિજ્ઞાન પણ જેનો ઈલાજ શોધી શકી નથી તેવી બીમારીનો હાહાકાર<br>**મોતનું બીજું નામ સિલિકોસિસ: મોરબીમાં ભયજનક સ્થિતિ, એક મહિનામાં ૩નાં મોત**<br>બીમારીથી હજુ પણ મોત સામે ઝઝૂમતા લાચાર ૭૦ દર્દીઓ,આરોગ્ય તંત્ર ઘોર નિંદ્રામાં<br>ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી અંધારામાં<br>ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરીને આવી જોખમી કામગીરી કરતા શ્રમિકોનું સમયાંતરે સ્વાસ્થ્ય ચેક કરવું તેમજ મૃત્યુના કિસ્સામાં વળતર અપાવવાની જવાબદારી હોય છે પરંતુ મોરબીની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરીના જવાબદાર અધિકારી યુ.જે.રાવલ બીમારીના કારણે રજા પર હતા જયારે કચેરીના અન્ય જવાબદાર અધિકારી રાહુલ ચૌધરીનો સંપર્ક કરતા તેમની પાસે આવી કોઇ |
| 10 | વાત્સલ્યમ સમાચાર | | 29/04/24 | <br>**ફેફસાંમાં ભરેલી સીલીકા જ એક માત્ર પુરાવો હતો, કામ કર્યાનો ડાહ્યાભાઈનું મૃત્યુ: એપ્રીલમાં બીજું**<br>વાત્સલ્યમ્ સમાચાર<br>ધવલ ત્રિવેદી-મોરબી<br>ડાયાભાઈએ ૧૯૮૩થી લઈ ૨૦૧૨ સુધી અલગ અલગ સીરામીકમાં ભરાઈ અને ચેકીંગ કામ કર્યું. ૨૦૧૨ બાદ તબીયત ધીમે ધીમે બગડતી ચાલી. ધીમે ધીમે આરોગ્ય એટલું કથળ્યું કે કામ જ કરી ન શકે. જુદી જુદી હોસ્પીટલના ચક્કર ચાલતા રહ્યા. પણ કોઈ તબીબે પાકું નીદાન કર્યું નહી. અંતે રાજકોટ શ્વાસ હોસ્પીટલ દ્વારા ડાયાભાઈ અને એમના પરીવારને ખબર પડી કે સીલીકોસીસ છે. તબીબની સલાહને કારણે નહી પણ શરીર જ ચાલતું ન હોવાને કારણે ડાયાભાઈને ૨૦૧૨ કામ મુકી દેવાની ફરજ પડી. વારંવાર દાખલ કરવા પડતા. ૪ દિવસ આઈ.સી.યુ માં રહ્યા અંતે ૬૦ વર્ષની ઉંમરે તારીખ ૨૩/૦૪/૨૦૨૪ના રોજ સવારે ૫ વાગ્યે મોરબી સીવીલમાં ડાયાભાઈ કહેરભાઈ ધંધુકીયાએ છેલ્લા શ્વાસ લીધા. આમાં અચરજની વાત તો એ છે કે ૧૯૮૩ લઈ ૨૦૧૨ના ગાળામાં ૨૯ વર્ષ સુધી કામ કર્યું છતાં જ્યારે એમની પાસે કોઈ કારખાનામાં કામ કરતાં તેનું આઈ કાર્ડ કે પગાર પાવતી કે પી એફ કે ઇ એસ આઈ નંબર એવું કશું જ ન હતું. કામ કર્યાનો જો કોઈ પુરાવો હતો તો તે હતાં એમના સીલીકા ભરેલાં ફેફસાં! ઈ. એસ. આઈ કપાતું હોત તો એમના પરીવારને પેન્શન મળી શકત.એપ્રીલ મહીનામાં પહેલાં કરશનભાઈ તારીખ ૧૧/૦૪/૨૦૨૪ ના રોજ અને તે પછી ડાયાભાઈ જતાં એક જ મહીનામાં સીલીકોસીસથી મોરબીમાં આ બીજું મોત નોંધાયું.. |
| 11 | વાત્સલ્યમ સમાચાર | | 02/05/24 | <br>Date: 02-05-2024, Thursday<br>તારીખ: ૦૨/૦૫/૨૦૨૪,ગુરૂવાર 4<br>**મોરબી અને થાનના સીલીકોસીસ પીડીતો એ સુરેન્દ્રનગર જીલ્લા ના થાનમાં વિશ્વ કામદાર દ્વારા સ્મૃતિ દીવસ મનાવવામાં આવ્યો**<br>વાત્સલ્યમ્ સમાચાર<br>ધવલ ત્રિવેદી-મોરબી<br>૨૮ એપ્રીલ થાનગઢ ખાતે સીલીકોસીસ પીડીત સંઘ, મોરબી અને સીલીકોસીસ પીડીત સંઘ, થાન દ્વારા વિશ્વ કામદાર સ્મૃતિ દીવસ મનાવાયો. |

| | | | | |
|---|---|---|---|---|
| 12 | વાત્સલ્યમ સમાચાર | મોરબીમા સીલીકોસીસને કારણે થતા મોત અંગે કલેક્ટર પાસેથી અહેવાલ માંગતુ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ | 18/12/23 | https://vatsalyamsamachar.com/gujarat/morbi/the-human-rights-commission-sought-a-report-from-the-morbi-district-collector-on-the-morbi-morbi-silicosis-issue/   |
| 13 | મોરબી ટુડે | રાષ્ટ્રીય માનવ અધીકાર પંચે મોરબીમાં સીલીકોસીસને કારણે થયેલા મોતની કલેક્ટર પાસે માહીતી માગી. | 19/12/23 | https://morbitoday.com/news/785996525 |
| 14 | સાંજ સમાચાર | મોરબીમા સીલીકોસીસને કારણે થતા મોત અંગે કલેક્ટર પાસેથી અહેવાલ માંગતુ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ. | 19/12/23 | https://www.sanjsamachar.net/news-detail/The-National-Human-Rights-Commission-sought-information-from-the-Collector-on-deaths-due-to-silicosis-in-Morbi |
| 15 | મો્રબી અપડેટ | રાષ્ટ્રીય માનવ અધીકાર પંચે મોરબીમાં સીલીકોસીસને કારણે થયેલા મોતની કલેક્ટર પાસે માહીતી માગી | ૨૧/૧૨/૨૩ | https://www.morbiupdate.com/2023/12/21/national-human-rights-commission-seeks-report-from-collector-on-deaths-due-to-silicosis-in-morbi |
| 16 | વાત્સલ્યમ સમાચાર | મોરબી સીલીકોસીસ મૃત્યુ, અંગે મોરબી કલેકટર અને લેબર કમિશનર પાસે પંચ એ 4 અઠવાડીયામાં એક્શન રીપોર્ટ માંગ્યો. | 29/02/2024 | https://vatsalyamsamachar.com/gujarat/morbi/panchnhrc-seeks-action-report-within-4-weeks-from-morbi-collector-and-labor-commissioner-on-morbi-silicosis-deaths/ |

| | | | | |
|---|---|---|---|---|
| 17 | કપ્તાન | મોરબીમાં ૨૯ દિવસની અંદર સીલિકોસિસના કારણે ત્રીજું મોત | 06/03/24 | https://kaptaan.co.in/category/%e0%aa%86 |
| 18 | ગુજતક | મોરબી અને થા નના સી લી કો સી સ પી ડી તો એ થા નમાં વિ શ્વ કા મદા ર સ્મૃતિ દી વસ મના વ્યો | 01/005/24 | https://gujjutak.com/news/silicosis-victims-morbi-thane-observed-world-workers-remembrance-day-thane |
| 19 | મો્રબી અપડેટ | સિલિકોસીસ ઉપર કામ કરતી સંસ્થાના નિયામકની કલેકટર સાથે મુલાકાત, મહત્વપૂર્ણ ચર્ચા | 30/03/24 | https://morbiupdate.com/2024/03/30/director-of-institute-working-on-silicosis-meets-with-collector-important-discussion/ |
| 20 | મો્રબી ગૌરવ સમાચાર | સીલીકોસીસ વધુ એક નું મોત!! સિલિકોસીસ પર કામ કરતી સંસ્થાએ મોરબી કલેક્ટર સાથે શુભેચ્છા મુલાકાત કરી | 30/03/24 | https://morbigauravsamachar.com/2024/03/30/silicosis-kills-one-more-an-organization-working-on-silicosis-had-a-greeting-meeting-with-the-morbi-collector/ |
| 21 | વાત્સલ્યમ સમાચાર | સીલીકોસીસ પર કામ કરતી સંસ્થાએ મોરબી કલ્કેટર સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત કરી. સીલીકોસીસે વધુ એક સીરામીક કામદારનો ભોગ લીધો | 30/03/24 | https://vatsalyamsamachar.com/gujarat/morbi/institute-working-on-silicosis-meets-morbi-collector-sir-silicosis-claims-yet-another-ceramic-worker/ |

| | | | | |
|---|---|---|---|---|
| 22 | મોરબી અપડેટ | મોરબીમાં આંતરરાષ્ટ્રીય કામદાર સ્મૃતિ દિવસ ઉજવાયો કલકેટર કચેરીમાંથી અમને કાઢી મુકાયા, સાંભળ્યા નહીં, પીડિતોની વ્યથા : કોઈ સાંભળતું નથી | 29/04/23 | https://morbiupdate.com/2023/04/29/international-workers-remembrance-day-was-celebrated-in-morbi/ |
| 23 | મોરબી અપડેટ | મોરબીમાં સિલિકોસીસથી વધુ એક મોત | 30/03/24 | https://morbiupdate.com/2024/03/30/another-death-from-silicosis-in-morbi/ |

## અમારી ટીમઃ

PTRC ની ટીમમાં સિલિકોસિસ પ્રોજેક્ટ માટે 3 ફિલ્ડ ઓફિસર છે - મોરબી, થાન અને ધ્રાંગધ્રા ત્રણે સ્થળે એક-એક. અમારી પાસે મોરબીમાં ચિરાગ ચાવડા, થાનમાં દર્શન પરમાર અને ધ્રાંગધ્રામાં નવીન રામાનુજ છે. અમે શ્રી સાર્થક તોમરને નવેમ્બર, 23 માં પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા હતા પરંતુ તેઓ અંગત કારણોસર જાન્યુઆરી, 24 ના અંતમાં જતા રહ્યા હતા. અમે રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર અને થાનમાં સિલિકોસીસ પ્રોજેક્ટ માટે સ્ટાફની નિમણૂક કરી હતી પરંતુ તે લાંબા સમય સુધી અમારી સાથે રહ્યા નહી. અઝીમ પ્રેમજીના ટેકાથી ચાલતા પ્રોજેક્ટ માટે અમે બે ફિલ્ડ ઇન્વેસ્ટિગેટરની નિમણૂક કરી પરંતુ તેમાંથી એક અમને છોડી ગયા જ્યારે અખિલેશ પરમારે કામ ચાલુ રાખ્યું છે શ્રી રોહિત પટેલને પાર્ટ ટાઈમ એકાઉન્ટન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી છે જ્યારે નિરંજના પટેલ એકાઉન્ટ્સ જાળવવામાં સ્વૈચ્છિક મદદ કરે છે.